BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[State University]
Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh-362263 (Gujarat)
Ph:0285-2681400 || Web : www.bknmu.edu.in|| Email : scholarship@bknmu.edu.in

---

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૪૪/૨૦૨૬ તા. ૨૭/૧૧/૨૦૨૬

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવા બાબત

સંદર્ભ:- નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો પત્ર ક્રમાંક નં.નાનિ/અ.જા.ક./પો.મે.શિ./૨૦૨૬/૨૯૫૦-૨૯૫૩. તા.૨૩/૧૧/૨૦૨૬

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ /સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય તેમજ વિદ્યાર્થીથી શરતચૂકથી ક્લોઝ કરી દીધેલ હોય, તેવા તમામ અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે તા. ૧૭/૧૧/૨૦૨૬ થી ૧૬/૧૨/૨૦૨૬ સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ હોઈ તો આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ :- **૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

બિડાણ:-

સંદર્ભદર્શિત પત્રની નકલ

ડીરેક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,

૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

નકલ સાદર રવાના:-

માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
જિલ્લો– દેવભૂમિ દ્વારકા –જામખંભાળીયા

જિલ્લા સેવા સદન,ગ્રાઉંડ ફ્લોર રૂમ નં. સી/જી/૧૧/૧૨ ધરમપુર–લાલપુર રોડ, જામખંભાળીયા
ઇ–મેઇલ dddevbhumi@gmail.com/swo-sjed-khambha@gujarat.gov.in ફોન નં.- ૦૨૮૩૩–૨૩૪૬૦૨

નં.નાનિ/અ.જા.ક/પો.મે.શિ./૨૦૨૬/૨૯૫૦-૨૯૫૩ તારીખ:૨૩/૧૧/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો,
યુનિવર્સિટીઓ/સંસ્થાઓ,
જિ. દેવભૂમિ દ્વારકા.

વિષય :-વર્ષ:- ૨૦૨૬-૨૭ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવાની મુદ્દત વધારવા બાબત. (તા.૧૭/૧૧/૨૦૨૬ થી તા.૧૬/૧૨/૨૦૨૬)

સંદર્ભ:- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૬ ના પત્ર નં.DSCWG/0146/11/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ:- ૨૦૨૬-૨૭ માં જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થી થી શરતચુક્થી ક્લોઝ કરી દીધેલ હોય, આવા તમામ અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ:-૨૦૨૬-૨૭ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરવાની મુદ્દત **તા.૧૭/૧૧/૨૦૨૬ થી તા.૧૬/૧૨/૨૦૨૬** સુધી લંબાવવામાં આવેલ છે.

આમ, ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ આપશ્રીની શાળા/કોલેજ/સંસ્થામાં અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા અને ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાની જાણ કરવા વિનંતી છે. આ બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગે સઘળી જવાબદારી આપની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

(વી.ઓ.જોષી)
નાયબ નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ
દેવભૂમિ દ્વારકા

નકલ સવિનય રવાના-

૧) માન.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર. તરફ જાણ સારુ.
૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જી.વી.જે. હાઇસ્કુલ કેમ્પસ, મુ.તા.ખંભાળીયા જિ. દેવભૂમિ દ્વારકા
/-આપશ્રીની કક્ષાએથી તમામ શાળાઓને જરૂરી સુચના થઇ આવવા સારૂ.
૩) કુલ સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જિ.જુનાગઢ.
/-આપશ્રીની કક્ષાએથી તમામ કોલેજોને જરૂરી સુચના થઇ આવવા સારૂ.

GENERAL REGISTER
Inward No. 5904
Date. 23/11/26